# UNION BUDGET 2021-22




## Key Points with Detailed Explanation

To Get FREE PDF Kindly visit **www.bankingacademy.co.in**

For Latest Vacancies & Updates Kindly visit @ **www.bankingacademy.co.in**

(Creating A Way For Govt. Jobs)

**Banking Academy**

(Preparation for All Types of Competitive Exams)

**Surat (Head Office)**
Ph. : 96629 00564

**Varachha (Surat)**
Ph. : 70464 16555

**Vyara**
Ph. : 90998 64658

**Valsad**
Ph. : 81401 37555

**Navsari**
Ph. : 70466 41555

Join our Telegram Channel
@bankingacademygpscbank

Follow us on

→ કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારામને 1 ફેબ્રુઆરી, 2021 ના રોજ લોકસભામાં નાણાંકીય વર્ષ 2021-22 નું કેન્દ્રીય બજેટ રજૂ કર્યું હતું જેનું કદ રૂ. 34,83,236 કરોડ છે.

❖ **ખાસિયતો**

→ આ બજેટ કેન્દ્ર સરકારના 'આત્મનિર્ભર ભારત'ના સ્વપ્ન પર ધ્યાન કેન્દ્રિત કરાયું છે. તેમજ અમૃત મહોત્સવ પહેલાનું બજેટ છે.

→ આ બજેટ ભારતના ઈતિહાસનું સૌપ્રથમ પેપરલેસ બજેટ છે.

→ આ બજેટ આર્થિક રિકવરીને બનાવી રાખવા પર ધ્યાન કેન્દ્રિત કરાયું છે.

→ બજેટની થીમ : Sankalp of Nation First

❖ **વર્ષ 2021 મહત્વપૂર્ણ વર્ષ છે.**

→ આઝાદીનું 75 મું વર્ષ.

→ ભારતમાં ગોવાનું વિલય – 60 વર્ષ.

→ ભારત–પાકિસ્તાન યુદ્ધ (1971)નું 50 વર્ષ.

→ સ્વતંત્ર ભારતની 8 મી વસ્તી ગણતરી હશે.

→ BRICS માં ભારતનું સભાપતિત્વ વર્ષ.

→ ચંદ્રયાન–3 મિશન લોન્ચ કરવામાં આવશે.

→ મહાકુંભ – હરિદ્વાર

| રૂપિયો કયાંથી આવશે ? | | રૂપિયો કયાં જશે ? | |
|---|---|---|---|
| 36 પૈસા | ઋણ અને અન્ય જવાબદારીઓ | 20 પૈસા | વ્યાજ ચૂકવણી |
| 15 પૈસા | વસ્તુ અને સેવા કર (GST) | 16 પૈસા | કરવેરા અને શુલ્કોમાં રાજ્યોનો હિસ્સો |
| 14 પૈસા | આવકવેરો | 13 પૈસા | કેન્દ્રીય ક્ષેત્રની યોજના |
| 13 પૈસા | કોર્પોરેટ ટેક્સ | 10 પૈસા | અન્ય ખર્ચ |
| 08 પૈસા | કેન્દ્રીય આબકારી જકાત | 10 પૈસા | નાણાં પંચ અને અન્ય હસ્તાંતરણ |
| 06 પૈસા | બિનકર મહેસૂલ | 09 પૈસા | કેન્દ્રીય પ્રાયોજિત યોજનાઓ |
| 05 પૈસા | બિનઋણ મૂડી પ્રાપ્તિઓ | 09 પૈસા | સબસિડીઝ |
| 03 પૈસા | કસ્ટમ્સ ડયૂટી | 08 પૈસા | સંરક્ષણ |
| | | 05 પૈસા | પેન્શન |

❖ **આ બજેટ 6 સ્તંભો પર આધારિત છે.**

(i) સ્વાસ્થ્ય અને કલ્યાણ
(ii) ભૌતિક અને નાણાંકીય મૂડી અને ઈન્ફ્રાસ્ટ્રકચર
(iii) આકાંક્ષી ભારત માટે સમાવેશી વિકાસ
(iv) માનવ મૂડીમાં નવજીવનનો સંચાર કરવો.
(v) નવીનતા અને R & D
(vi) ન્યૂનતમ સરકાર અને અધિકતમ શાસન

**(1) સ્વાસ્થ્ય અને કલ્યાણ : ખર્ચ – રૂ. 2,23,846 કરોડ**

⇒ સ્વાસ્થ્યના પ્રતિ સમગ્ર દ્દષ્ટિકોણ અપનાવીને આપણે ત્રણ ક્ષેત્રોમાં સુદ્દઢ કરવા ધ્યાન કેન્દ્ર કર્યું છે :
(i) નિવારક (Preventive), (ii) રોગનિવારક (Curative), (iii) કલ્યાણ (Well being)

⇒ PM આત્મનિર્ભર સ્વસ્થ ભારત યોજના :
- રૂ. 64,180 કરોડ નો ખર્ચ કરી રાષ્ટ્રીય સ્વાસ્થ્ય મિશન હેઠળ આ યોજના શરૂ કરાશે.
- જેનો સમયગાળો 6 વર્ષનો હશે.
- આ યોજના અંતર્ગત પ્રાથમિક, દ્વિતીય, તૃતીય દેખભાળ સ્વાસ્થ્ય પ્રણાલીની ક્ષમતાઓને વિકસિત કરશે.
- બિમારીની ઓળખ કરી તેના ઈલાજ માટે નવી સંસ્થા બનાવાશે.

⇒ રાષ્ટ્રીય રોગ નિયંત્રણ કેન્દ્ર (NCDC) ને સુદ્દઢ બનાવવું :

⇒ મિશન પોષણ 2.0 :
- પૂરક પોષણ કાર્યક્રમ અને પોષણ અભિયાન ને વિલય કરીને પોષણ 2.0 શરૂ કરવામાં આવશે.

⇒ જળ જીવન મિશન (શહેરી) લોન્ચ કરી 4378 શહેરી સ્થાનીય નિગમનો સમાવેશ કરી 2.86 કરોડ ઘરોને નળ જોડાણ આપવામાં આવશે.

⇒ સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારત :
- આ મિશન અંતર્ગત શહેરી સ્વચ્છ ભારત મિશન 2.0 ને 2021-2026 એમ 5 વર્ષના સમયગાળા માટે રૂ. 1,41,678 કરોડ વિત્તીય ખર્ચ કરવામાં આવશે.

Banking Academy

⇒ સ્વચ્છ વાયુ :

– વાયુ પ્રદૂષણની સમસ્યાના સમાધાન માટે 1 મિલિયન થી વધુ વસ્તી વાળા 42 શહેરી કેન્દ્રો માટે રૂ. 2,217 કરોડ ખર્ચ થશે.

⇒ **સ્ક્રેપિંગ નીતિ :**

**વ્હિકલ સ્ક્રેપેજ સ્કીમ –**

– 15 વર્ષ અથવા તેથી વધુ વર્ષ જૂના કોમર્શિયલ વાહનો તેમજ 20 વર્ષ કે તેથી જૂના પસર્નલ વ્હિકલને સ્ક્રેપ કરાશે જે માટે સ્વૈચ્છિક વાહન સ્ક્રેપિંગ નીતિ અમલમાં મૂકાશે.

– જૂના અને ઉપયોગમાં ન હોય તેવા વાહનોનું ફીટનેસ ટેસ્ટ કરાવવું અને ફીટનેસ સર્ટીફિકેટ મેળવવું ફરજિયાત બનાવવામાં આવશે. ઓટોમેટેડ ફીટનેસ સેન્ટરમાં વાહનોની તપાસ થશે.

– સ્ક્રેપ યાર્ડ ઊભા કરવામાં આવશે.

– મંત્રાલય : માર્ગ પરિવહન અને હાઈવે મંત્રાલય

**ફાયદો –**

– ઈંધણનો શ્રેષ્ઠ ઉપયોગ

– હવાનું પ્રદૂષણ ઓછું

– ક્રૂડ તેલની આયાતમાં ઘટાડો

– વિદેશી હૂંડીયામણ માં વધારો

– રોજગારી વધશે

⇒ **વૈકિસન :**

– ન્યૂમોકોલ વૈકિસન જે સ્વદેશી છે. જે વર્તમાનમાં માત્ર 5 રાજ્યો સુધી સિમિત છે. જેને આખા દેશમાં લાગુ કરવામાં આવશે. જેનાથી પ્રતિ વર્ષ 50,000 થી વધુ બાળ મૃત્યુને રોકી શકાશે. જે ન્યૂમોનિયા સેટરીસીમિયા તેમજ મેનિન્જાઈટીસના સંક્રમણથી બચવા માટે ઉપયોગી છે.

– કોવિડ 19 વૈકિસન માટે રૂ. 35,000 કરોડ (2021-22) નો ખર્ચ કરવામાં આવશે.

– દેશના 11 રાજ્યોમાં 3382 આરોગ્ય સેન્ટર ઊભા કરવા અને આરોગ્ય પ્રયોગશાળાઓ તૈયાર કરીને લોકોના આરોગ્યના નિદાન તથા સારવાર કરાશે.

### (2) ભૌતિક અને નાણાંકીય મૂડી ઈન્ફ્રાસ્ટ્રકચર

⇒ **પ્રોડકશન લિન્કડ ઈન્સેન્ટિવ યોજના (PLI) :**

– 13 સેકટરો માટે PLI યોજના હેઠળ વર્ષ 2021-22 થી લઈને 5 વર્ષ માં લગભગ રૂ. 1.97 લાખ કરોડની વ્યવસ્થા કરવામાં આવી છે. જે આત્મનિર્ભર ભારત માટે અને વિનિર્માળ વૈશ્વિક ચૈમ્પિયન બનાવવા માટે ઉપયોગી બનશે.

– ઉત્પાદન લક્ષ્યાંક હાંસલ કરવામાં આવે તો તે સંબંધિત ઉદ્યોગો એકમોને પ્રોત્સાહક લાભ આપવામાં આવશે.

– એડવાન્સ કેમિસ્ટ્રી સેલ બેટરી, ઈલેક્ટ્રોનિક પ્રોડકટ્સ, ઓટોમોબાઈલ કોમ્પોનન્ટ્સ, ફાર્મા, ટેલિકોમ અને નેટવર્કિંગ પ્રોડકટ્સ, વ્હાઈટ ગુડ્ઝ, સ્પેશિયાલિટી સ્ટીલ.

⇒ **MITRA (મેગા ઈન્ટિગ્રેટેડ ટેકસટાઈલ રિજિયન એન્ડ એપરેલ પાર્ક – મિત્રા) યોજના :**

– આ યોજના અતંર્ગત મેગા ઈન્વેસ્ટમેન્ટ ટેકસટાઈલ પાર્ક બનાવવામાં આવશે. જેના દ્વારા નિકાસમાં વૈશ્વિક ચૈમ્પિન બનાવવા માટે પ્લગ અને પ્લેની સુવિધા સાથે વિશ્વસ્તરીય ઈન્ફ્રાસ્ટ્રકચર સૃજન કરાશે.

– આગામી 3 વર્ષના સમગગાળામાં 7 ટેકસટાઈલ પાર્ક સ્થાપવામાં આવશે. જેમાં અદ્યતન સુવિધા જેવી કે પાણી, વીજપુરવઠો, માળખાગત, R & D, લેબોરેટરી હશે.

⇒ **નેશનલ ઈન્ફ્રાસ્ટ્રકચર પાઈપલાઈન (NIP) :**

– નાણાંમંત્રી દ્વારા NIPની જાહેરાત ડિસેમ્બર, 2019માં થઈ હતી.

– જેમાં 7400 પરિયોજના સામેલ કરી વિસ્તૃત કર્યું છે. NIPમાં રોકાણ વધે તે માટે સંસ્થાકીય માળખાનું સર્જન, મિલકતોના મુદ્રીકરણ પર ભાર આપવું, તથા મૂડીગત બજેટમાં ઝડપી વધારો થાય તે માટેના પ્રયાસો કરવા.

⇒ **ડેવલપમેન્ટ ફાઈનાન્શિયલ ઈન્સ્ટિટયૂટ (DFI) :**

– DFI ની સ્થાપના માટે એક ખાસ વિધેયક લાવવામાં આવશે. જેના માટે રૂ. 20,000 કરોડ ની જોગવાઈ છે.

– ઉદ્દેશ : ઈન્ફ્રા ફાઈનેંસિંગ આપવા તેમજ સક્ષમ કરવાના હેતુથી સ્થાપના કરવામાં આવશે. જે સંસ્થાગત ધિરાણ માટે પ્રેરક, પ્રદાતા અને માધ્યમ તરીકે કામ કરશે.

⇒ **નેશનલ મોનેટાઈઝિંગ પાઈપલાઈન :** (બ્રાઉન ફિલ્ડ ઈન્ફ્રાસ્ટ્રકચર એસેટ્સ માટે)

– સંપત્તિ મુદ્રીકરણ ડેશબોર્ડની પ્રગતિને ટ્રેક કરવા માટે નિવેશકો ને જોવાની સુવિધા પ્રદાન કરવી.

– મૂળભૂત માળખાગત ક્ષેત્રની જૂની પરિયોજના માટે આ કાર્યક્રમ શરૂ કરવામાં આવશે.

– આ યોજના દ્વારા ગેસ પાઈપલાઈન, N.H. વગેરે જેવી પરિયોજનાને ખાનગી ક્ષેત્ર સાથે ભાગીદારી તથા ભાડે આપી આવક મેળવવી. જેમકે, રેલ્વે, એરપોર્ટ, સ્ટેડિયમ)

– વર્ષ 2021-22 માં મૂડીખર્ચ વધારી રૂ. 5.54 લાખ કરોડ પ્રદાન કરવામાં આવશે.



Banking Academy

ગુજરાત સરકાર દ્વારા ટૂંક સમય માં જાહેર થનાર ભરતીઓ

# વ્યારા માં

: તારીખ :
14th March,2021

: સમય :
સવારે 9:30 કલાકે

Ph. : 90998 64658

# FREE SEMINAR

## GPSC Class 3

27000થી વધારે જગ્યાઓ

- નાયબ મામલતદાર
- PSI
- કોન્સ્ટેબલ
- તલાટી
- બિન સચિવાલય
- TET/TAT

મટીરીયલ્સ + પ્રાથમિક કસોટી તેમજ **Physical Test** ની સંપૂર્ણ તૈયારી

(Creating A Way For Govt. Jobs)
**Banking Academy**
(Preparation for All Types of Competitive Exams)

આજેજ આપની નજીક ની શાખા પર આપનું નામ નોંધાવો

| Surat (HO) | Varachha (Surat) | Navsari | Valsad |
|---|---|---|---|
| Ph. : 70466 33255 | Ph. : 70464 16555 | Ph. : 70466 41555 | Ph. : 81401 37555 |

⇒ **સડક, પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય**
- રૂ. 1,18,101 કરોડ ખર્ચ કરવામાં આવશે.
- માર્ચ 2022 સુધીમાં 8500 કિ.મી. અને નેશનલ હાઈવે કોરિડોર અંતર્ગત 11,000 કિ.મી. વધારાની સડકો તૈયાર થશે.
- ભારત માલા પરિયોજના શરૂઆત વર્ષ 2017માં કરવામાં આવી. આ પરિયોજના અંતર્ગત 13,000 કિ.મી.થી વધારે લંબાઈના માર્ગનું નિર્માણ થશે.
- દેશના 4 રાજ્યોમાં હાઈવે અને રોડ બનાવવામાં આવશે : (1) પશ્ચિમ બંગાળ, (2) તમિલનાડુ, (3) કેરળ, (4) આસામ
- ટૂંક સમયમાં કન્યાકુમારી – મુંબઈ કોરિડોર શરૂ કરવામાં આવશે.

⇒ **રેલ્વે ઈન્ફ્રાસ્ટ્રકચર :** (રૂ. 1,10,055 કરોડની ફાળવણી)
- ભારતીય રેલવે દ્વારા એક રાષ્ટ્રીય રેલ યોજના – 2030 તૈયાર કરી છે. આ યોજના 2030 સુધીના ભવિષ્ય માટે તૈયાર કરી છે.
- ડિસેમ્બર, 2023 સુધી બ્રોડ ગેજ રેલ માટે રેલવે પાટાનું 100 % ઈલેક્ટ્રિફિકેશન કરવામાં આવશે. જે PPP મોડેલ અંતર્ગત થશે.
- જૂન 2022 સુધીમાં વેસ્ટર્ન ડેડીકેટેડ ફ્રેઈટ કોરીડોર (DFC) તેમજ ઈસ્ટર્ન ડેડીકેટેડ કોરીડોર ને કાર્યરત કરવામાં આવશે. જેનાથી લોજિસ્ટિક ખર્ચમાં ઘટાડો થશે.
- પ્રવાસન સ્થળો પર વિસ્ટાડોમ LHB કોચ સાથેની ટ્રેન દોડાવાશે.

⇒ **શહેરી ઈન્ફ્રાસ્ટ્રકચર :**
- શહેરી વિસ્તારોમાં પબ્લિક ટ્રાન્સપોર્ટ માટે રૂ. 18,000 કરોડના ખર્ચે નવી યોજના શરૂ કરાશે. જેમાં મેટ્રો રેલવે નેટવર્ક અને સિટી બસ સર્વિસનો વ્યાપ વિસ્તારવામાં આવશે.
- 20,000 થી વધુ બસો ખરીદવામાં આવશે અને તેને ઓપરેટ કરવા માટે PPP ધોરણે ખાનગી કંપનીઓને આ નેટવર્કમાં જોડવામાં આવશે.
- દેશના 27 શહેરોમાં 702 કિ.મી.ની કન્વેન્શનલ મેટ્રો અને 1016 કિ.મી મેટ્રો સીસ્ટમ શરૂ કરાશે.
- સરકાર હસ્તકની 'કન્ટેઈનર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા' (concor)નું શેરવેચાણ કરવા જાહેરાત કરવામાં આવી છે.

⇒ **વિદ્યુત ઈન્ફ્રાસ્ટ્રકચર :**
- વીજ ક્ષેત્રે ગ્રાહકો વિતરણ કંપનીની પસંદગી કરી શકે તેવો વિકલ્પ રાખવામાં આવશે જેથી સ્પર્ધા થઈ શકે.

⇒ **રાષ્ટ્રીય હાઈડ્રોજન એનર્જી મિશનને શરૂ કરવાની જાહેરાત કરી છે :**
- વર્ષ 2021-22 માં એક હાઈડ્રોજન એનર્જી મિશન શરૂ કરવાનો પ્રસ્તાવ રાખ્યો છે. જેના આધારે ગ્રીન પાવર સ્ત્રોતો થી હાઈડ્રોજનને પેદા કરી શકાય.

⇒ **બંદર, નૌવહન, જળમાર્ગ :**
- રેલવે અને એરપોર્ટની જેમ હવે બંદરોના વિકાસ માટે પણ PPP મોડેલ વિકસાવવામાં આવશે. જેના માટે બંદરોના ખાનગીકરણ કરવાનો રોડમેપ તૈયાર કરવામાં આવ્યો છે.
- સરકાર દ્વારા રૂ. 2000 કરોડ થી વધુના રોકાણ દ્વારા 7 બંદરોના વિકાસની પરિયોજના તૈયાર કરવામાં આવી છે.

⇒ **પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ :**
- ઉજ્જવલા યોજના અંતર્ગત 8 કરોડ પરિવારોને યોજનાનો લાભ મળ્યો છે જે વધારી 1 કરોડ પરિવારોને લાભ આપવામાં આવશે.
- આગલા 3 વર્ષમાં 100 થી વધુ જિલ્લામાં સિટી ગેસ ડિસ્ટ્રીબ્યુશન નેટવર્કથી જોડવામાં આવશે.
- જમ્મુ કાશ્મીર માં એક ગેસ પાઈપલાઈન પરિયોજના શરૂ કરવામાં આવશે.
- એક સ્વતંત્ર 'ગેસ ટ્રાન્સપોર્ટ સિસ્ટમ ઓપરેટર'નું ગઠન કરવામાં આવશે. જેના દ્વારા તમામ કુદરતી ગેસ પાઈપલાઈનની સામાન્ય વહન ક્ષમતાના બુકિંગ સુવિધા અને સંકલન માટે કાર્ય કરશે.

⇒ **નાણાંકીય મૂડી :**
- SEBI Act, Depositories Act, Securities Contracts (Regulation) Act, અને Govt. Securities Act ની જોગવાઈને એકીકૃત કરીને Single Securities Market Code તૈયાર કરવામાં આવશે.
- સરકાર GIFT – IFSC માં એક વિશ્વસ્તરીય ફિનટેક હબ વિકસિત કરવા માટે સહયોગ કરશે.
- Gold એકસચેન્જના નિયમનકાર તરીકે SEBI કામ કરશે.
- વેર હાઉસિંગ ડેવલપમેન્ટ એન્ડ રેગ્યુલેટરી ઓથોરિટી (WDRA) ને મજબૂત બનાવવામાં આવશે જેથી કોમોડીટી માર્કેટ ઈકો સીસ્ટમ વ્યવસ્થા સારી રહે, તેમજ કોમોડિટીઝનું મૂલ્યાંકન અને લોજિસ્ટિકની કામગીરી WDRA ને આપી છે.

⇒ **વીમા ક્ષેત્ર :**
- વીમા અધિનિયમ, 1938 માં સંશોધન કરી વીમા કંપનીઓમાં FDI 49% થી વધારી 74% કર્યું છે.
- મોટા ભાગના ડિરેકટર્સ અને સંચાલન માટે ચાવી રૂપ વ્યકિતઓ મૂળ નિવાસી ભારતીયો જ રહેશે. 50% ડિરેકટર્સ સ્વતંત્ર ડિરેકટર્સ રહેશે. તેમજ નફાની રકમનો મોટો હિસ્સો જનરલ રિઝર્વ તરીકે રાખવા કંપનીઓને ફરજ પડાશે.
- સરકાર દ્વારા 1 સામાન્ય વીમા કંપનીનું ખાનગીકરણ કરવા છૂટ અપાશે.
- વીમામાં ચાર્ટર સીસ્ટમ દાખલ કરવામાં આવશે.

⇒ **એક નવી સંરચનાને સ્થાપિત કરીને તનાવગ્રસ્ત પરિસંપત્તિનું સમાધાન (NPA સમાધાન) :**
- એક એસેટ રિકટ્રંકશન કંપની લી. અને એસેટ મેનેજમેન્ટ કંપનીનું ગઠન કરવામાં આવશે. (ARC/AMC)
- PSU બેંકને વર્ષ 2021-22 માં રૂ. 20,000 કરોડ વધુ અને પુનઃ મૂડીકરણ કરવાનો પ્રસ્તાવ છે.
- ગયા વર્ષે સરકારે બેંકના ગ્રાહકોનું થાપણો પર વીમા કવચ 1 લાખથી વધારી 5 લાખ રૂપિયાની મંજૂરી આપી છે.
- SARFAESI Act 2002 અંતર્ગત ત્રણ વસૂલી માટે પાત્ર લઘુત્તમ ઋણ સીમા ને રૂ. 50 લાખ થી ઘટાડી રૂ. 20 લાખ કરવાનો પ્રસ્તાવ કર્યો છે.

⇒ **કંપની બાબતો :**
- કંપની અધિનિયમ–2013 ના અંતર્ગત પ્રક્રિયાગત અને ટેકનિકલ રૂપથી અપરાધોને સમાપ્ત કરવાનુ કામ હવે પૂર્ણ થયુ છે. હવે લીમીટેડ લાયાબિટી પાર્ટનરશિપ (LLP) Act 2008 ને અપરાધ મુકત બનાવવાનું આગળનું પગલું હશે.
- કપંની અધિનિયમ–2013 અતંર્ગત લઘુ કંપનીઓની પરિભાષામાં સંશોધન કરવાનો પ્રસ્તાવ છે. જે કંપની રૂ. 2 કરોડની ભરપાઈ થયેલી મૂડી ધરાવતી હશે તેને નાની કંપની ગણવામાં આવશે. (હાલમાં રૂ. 50 લાખ મૂડી છે)
- નાની કંપનીઓ માટે વાર્ષિક ટર્ન ઓવરની મહત્તમ મર્યાદા પણ રૂ. 2 કરોડથી વધારીને રૂ. 20 કરોડ કરવામાં આવશે.
- NRI ને વન પર્સન કંપની (OPC) ની રચના કરવા છૂટ આપવામાં આવી છે. (અગાઉ ભારતમાં રહેતી વ્યકિતને જ ભારતમાં વન પર્સન કંપની શરૂ કરવા મંજૂરી અપાતી હતી.) જેથી સ્ટાર્ટઅપ અને ઈનોવેટર્સને પ્રોત્સાહન મળશે.
- OPC ના ગઠન માટે ભારતીય નાગરિકના (NRI) રૂપમાં તેના આવાસીય ની સીમા જે 182 દિવસની રાખી છે જેને 120 દિવસની કરવામાં આવે.
- વર્ષ 2021-22 માં આપણે ડેટા એનાલિટિકસ, AI, મશીન લર્નિંગ ચાલિત MCA 21 વર્ઝન 3.0 શરૂ કરવામાં આવશે. આ વર્ઝનમાં ઈ–સ્કુટની, ઈ–એડજડીકેશન, ઈ–કન્સલ્ટેશનની સુવિધા હશે.

⇒ **વિનિવેશ :**
- BPCL, એર ઈન્ડિયા, શિપિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા, કંટેનર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા, IDBI, BEML, પવન હંસ, નીલાંચલ ઈસ્પાત નિગમ લી. ની વિનિવેશ 2021-22 માં પૂર્ણ કરવામાં આવશે.
- તે ઉપરાંત વ્યૂહાત્મક વિનિવેશ માટે બીજી કંપનીઓની યાદી તૈયાર કરવા નીતિ આયોગને સૂચના અપાઈ છે.
- વર્ષ 2021-22 માં IDBI બેંક સિવાય અન્ય 2 સાર્વજનિક બેંકો અને એક સામાન્ય વીમા કંપનીનું ખાનગીકરણનો પ્રસ્તાવ રાખ્યો છે. વર્ષ 2021-22 માં LIC નો IPO લાવવામાં આવશે.
- વર્ષ 2021-22 દરમિયાન પબ્લિક સેકટરની કંપનીઓ અને ફાઈનાન્શિયલ સંસ્થાઓમાંથી વિનિવેશ રૂ. 1.75 લાખ કરોડ ઉભા કરવાનું લક્ષ્ય રાખ્યું છે.

⇒ **સરકારી વિત્તીય સુધાર :**
- ટ્રેઝરી સિંગલ એકાઉન્ટ સીસ્ટમ (TSA) ના અંતર્ગત સ્વાયત્ત સાહસિય નિગમ પોતાના વાસ્તવિક ખર્ચના સમય સરકારના ખાતામાંથી પોતાનું ફંડ સીધુ કાઢી શકે છે.

### (3) આકાંક્ષી ભારતનો સમગ્ર વિકાસ

⇒ આ સ્તંભના આધારે કૃષિ, તેનાથી સંબંધિત ક્ષેત્રો, ખેડૂત કલ્યાણ, ગ્રામીણ ભારત, પ્રવાસી શ્રમિકો અને મજૂર તેમજ નાણાંકીય સમાવેશનને કવર કરવું.

⇒ **કૃષિ :**
- MSP ની વ્યવસ્થામાં મૂળભૂત પરિવર્તન કર્યું છે. જે ઉત્પાદન ખર્ચના 1.5 ગણી કિંમત મળી શકે તેવી વ્યવસ્થા કરી છે અને ખરીદકાર્ય ઝડપી બનાવ્યું છે. ખેડૂતોને પર્યાપ્ત પેમેન્ટ તેમજ ત્વરીત પેમેન્ટ વ્યવસ્થા કરવામાં આવી છે.
- ખેડૂતોને પર્યાપ્ત ઋણ આપવા માટે વર્ષ 2022 માં કૃષિ ઋણ લક્ષ્યને વધારી રૂ. 16.5 લાખ કરોડ કરી દીધું છે. પશુપાલન, ડેરી, મત્સ્ય પાલન ક્ષેત્રમાં અધિક ઋણ પ્રદાન કરવું.
- ગ્રામીણ માળખાગત વિકાસ ભંડોળ (RIDF) માં ફાળવણી રૂ. 30,000 કરોડ થી વધારીને રૂ. 40,000 કરોડ કરી છે.
- NABARD અંતર્ગત માઈક્રો ઈરિગેશન ફંડ બે ગણુ કરી રૂ. 10,000 કરોડ કરાયું.
- કપાસની આયાત ડયૂટી 10% કરવામાં આવી.

⇒ **ઓપરેશન ગ્રીન સ્કીમ :**
- આ યોજનામાં અત્યાર સુધી માત્ર ટામેટા, ડુંગરી અને બટાટા (TOP) જ સામેલ હતા. જેમાં હવે જલ્દી ખરાબ થવા વાળી 22 વધુ ઉત્પાદનોને સામેલ કરવામાં આવશે. જેથી કૃષિ અને સંબંધિત ઉત્પાદનમાં મૂલ્ય સંવર્ધનને પ્રોત્સાહન મળશે.

⇒ **E – NAM :**
- 1000 થી વધુ બજાર ને E-NAM અંતર્ગત લાવવામાં આવશે.
- APMC કૃષિ ઈન્ફ્રાસ્ટ્રકચર કોષની સુવિધા પ્રદાન કરવામાં આવશે જેનાથી તે પોતાની પાયાની સુવિધામાં વધારો કરી શકે.

⇒ **સ્વામિત્વ યોજના :**
- આ યોજના અંતર્ગત ગામોમાં સંપત્તિના માલિકોના અધિકાર માટેનો દસ્તાવેજ આપવામાં આવી રહ્યો છે.
- આ વર્ષમાં આ યોજનાને બધા રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશોમાં લાગુ કરવામાં આવશે.

⇒ **મત્સ્ય પાલન :**
- આધુનિક મત્સ્ય બંદરો અને ફિશ લેંડિંગ સેન્ટરના વિકાસ માટે પર્યાપ્ત નિવેશ માટે પ્રસ્તાવ કર્યો છે.
- શરૂઆતમાં 5 મત્સ્ય બંદરો જેમ કે, કોચીન, ચેન્નઈ, વિશાખાપટ્ટનમ્, પારાદ્વીપ, પેટુઆઘાટ (પશ્ચિમબંગાળ)ને આર્થિક પ્રવૃત્તિને હબ ના રૂપમાં વિકાસ કરવામાં આવશે.
- તમિલનાડુમાં એક 'Multipurpose Seaweed Park' ની સ્થાપના કરવામાં આવશે જેનાથી સીવીડના ઉત્પાદનને વેગ મળશે.

⇒ **પ્રવાસી શ્રમિક અને મજૂર :**
- એક રાષ્ટ્ર – એક રાશન કાર્ડ (ONOR) યોજના શરૂ કરી છે જેનાથી લાભાર્થી દેશમાં કોઈ પણ જગ્યાએ રાશન લઈ શકે છે. જેનાથી પ્રવાસી શ્રમિકોને ઘણો લાભ થાય છે. આ યોજના 32 રાજ્યો અને સંઘ શાસિત પ્રદેશોમાં અમલી છે.
- આગળ 4 રાજ્યો/ કેન્દ્ર શાસિત પ્રદેશોમાં આગળના કેટલાક મહિનામાં આ યોજના લાગુ ગઈ જશે.
- બિન સંગઠિત ક્ષેત્રના શ્રમિકો અને પ્રવાસી મજૂરો માટેની માહિતી ભેગી કરવા એક પોર્ટલ શરૂ કરવામાં આવશે. જેથી તેમની સ્વાસ્થ્ય, આવાસ, કૌશલ, વીમા, ઋણ, ખાદ્ય સંબંધી યોજનાને તૈયાર કરવામાં મદદ મળે.

⇒ **નાણાંકીય સમાવેશન :**
- સ્ટેન્ડ અપ ઈન્ડિયા યોજના અંતર્ગત SC, ST, મહિલાઓને ઋણની સુવિધા વધુ સારી બનાવવાનો પ્રસ્તાવ છે. જે અંતર્ગત માર્જિંગ મનીની આવશ્યકતાને 25% થી ઘટાડી 15% કરી દીધું છે. જેમાં કૃષિ સંબંધિત પ્રવૃત્તિને આપવામાં આવતું ઋણ પણ સામેલ છે.

### (4) માનવ મૂડીની સુદ્રઢતા

⇒ હાલમાં જ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ જાહેર કરી છે. આ નીતિના તમામ ઘટકોને સામેલ કરી 100 નવી સૈનિક સ્કૂલ સ્થાપિત કરવામાં આવશે. NGO, ખાનગી સ્કૂલો તથા રાજ્યની સરકાર સાથે મળીને સ્થાપના કરશે. દેશભરમાં 15,000 આદર્શ સ્કૂલ બનાવવામાં આવશે.

⇒ હાયર એજ્યુકેશન કમિશનની રચના કરાશે જે કાયદા અંતર્ગત એક મુખ્ય સંસ્થા હશે.

⇒ લેહમાં કેન્દ્રીય વિશ્વ વિદ્યાલયની સ્થાપના કરવામાં આવશે.

⇒ પછાત (આદિવાસી) ક્ષેત્રોમાં 750 એકલવ્ય મોડલ રેસીડેન્સીયલ સ્કૂલોની સ્થાપના કરવાનું લક્ષ્ય રાખ્યું છે.

⇒ **કૌશલ (Skill) :** રાષ્ટ્રીય એપ્રેન્ટિસ શીપ તાલીમ યોજના (NATS) ને સુસંગત કરવા અન્ય દેશો સાથે ભાગીદારી કરવામાં આવશે. UAE સાથે કૌશલ્ય યોગ્યતા, મૂલ્યાંકન, પ્રમાણીકરણ અને પ્રમાણિત કામદારોને કામગીરી સોંપવા તથા જાપાન સાથે કૌશલ્ય, ટેકનીક અને માહિતીના હસ્તાંતરણ માટે સાથ–સહકારમાં આંતર તાલીમ કાર્યક્રમ યોજાશે.

### (5) નવાચાર તથા રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ

⇒ જુલાઈ–2019ના બજેટમાં નેશનલ રિસર્ચ ફાઉન્ડેશનની (NRF) જાહેરાત કરી હતી.

⇒ આ 5 વર્ષોમાં રૂ. 50,000 કરોડના ખર્ચથી NRFની કાર્યપ્રણાલી તૈયાર કરી લીધી છે. જેનાથી દેશની સંપૂર્ણ શોધ વ્યવસ્થા મજબૂત થશે.

⇒ ડિજિટલ લેણ–દેણમાં વધારો કરવા એક પ્રસ્તાવિત યોજના માટે રૂ. 1500 કરોડ નિર્ધારીત કરી છે.

⇒ નેશનલ લેંગ્વેજ ટ્રાન્સલેશન મિશન (NLTM) શરૂ કરવામાં આવશે. જેનાથી શાસન અને નીતિ સંબંધિત જાણકારીને ભારતની પ્રમુખ ભાષાઓમાં ઈન્ટરનેટ પર ઉપલબ્ધ કરાવવામાં આવે.

⇒ ન્યૂ સ્પેસ ઈન્ડિયા લીમીટેડ (NSIL) જે અંતરિક્ષ વિભાગનું એક સાર્વજનિક ક્ષેત્રીય એકમ છે જેના દ્વારા PSLV–CS-51ને લોન્ચ કરી બ્રાઝીલનો એમાજોનિયા ઉપગ્રહ અને ભારતના કેટલાક નાના–મોટા ઉપગ્રહો લોન્ચ કરવામાં આવશે.

⇒ **ગગનયાન મિશન :** આ મિશન માટે ભારતના ચાર અંતરિક્ષ યાત્રિયોને રશિયામાં જેનેરિક સ્પેસ ફ્લાઈટ વિશે ટ્રેનીંગ આપવામાં આવી રહી છે.

⇒ પ્રથમ માનવ રહિત ગગનયાન મિશન ડિસેમ્બર–2021માં લોન્ચ થશે.

⇒ **ડીપ ઓશન મિશન :** આ મિશન અંતર્ગત ઊંડા સમુદ્રમાં સર્વેક્ષણ, સંશોધનના કાર્યો તથા ઊંડા સમુદ્રની જૈવ વિવિધતાના સંરક્ષણની પરિયોજનાઓ સામેલ છે. જેના માટે આગલા 5 વર્ષ માટે રૂ. 4000 કરોડ ખર્ચ કરવામાં આવશે.

### (6) ન્યૂનત્તમ સરકાર – અધિકત્તમ શાસન

⇒ ઝડપી ન્યાયની વ્યવસ્થા / ટ્રિબ્યુનલમાં સુધારના ઉપાય માટેના પગલાં લેવામાં આવ્યા છે.

⇒ વર્ષ 2021ની વસ્તી ગણતરી ભારતના ઈતિહાસની પહેલી ડિજિટલ વસ્તી ગણતરી હશે. જેના માટે રૂ. 3768 કરોડ ની ફાળવણી કરી છે.

⇒ ગોવા મુક્તિના 50 વર્ષની ઉજવણી (હીરક જયંતી વર્ષ) માટે રૂ. 300 કરોડ નું અનુદાન આપવામાં આવશે.

⇒ આસામ અને પશ્ચિમ બંગાળના ચાના બગીચાના શ્રમિકોના કલ્યાણ માટે રૂ. 1000 કરોડ ની ફાળવણી.

⇒ મહિલાઓને તમામ કેટેગરી અને નાઈટ શિફ્ટમાં કામ કરવાની છૂટ આપવામાં આવી છે.

Banking Academy

ગુજરાત સરકાર દ્વારા ટૂંક સમય માં જાહેર થનાર

# PSI / ASI કોન્સ્ટેબલ

**10000**
**થી વધારે જગ્યાઓ**

પ્રાથમિક + Physical Test ની સંપૂર્ણ તૈયારી



# FREE સેમિનાર

## સુરત (વરાછા)

**: તારીખ :**
14th March,2021

**: સમય :**
સવારે 9:30 કલાકે

**Ph. : 70464 16555**

(Creating A Way For Govt. Jobs)
**Banking Academy**
(Preparation for All Types of Competitive Exams)

આપની નજીક ની શાખા પર આજેજ નામ નોંધાવો

| Surat (HO) | Navsari | Vyara | Valsad |
| --- | --- | --- | --- |
| Ph. : 70466 33255 | Ph. : 70466 37555 | Ph. : 90998 64658 | Ph. : 81401 37555 |

❖ **પ્રત્યક્ષ કર (Direct Tax)**

→ નિગમ (Corporation) Taxમાં ઘણો ઘટાડો કર્યો છે. જેનાથી ભારત હવે નિગમ કરની ન્યૂનતમ દર વાળા દેશોમાં શામેલ થયું છે.

→ Dividend Distribution Tax - DDT (લાભાંશ વિતરણ કર) પણ સમાપ્ત કરી દીધું છે.

→ રિબેટ કે છૂટ આપવાથી નાના કરદાતાઓ પર કરવેરાનો બોજ ઘટયો છે.

→ વર્ષ 2020માં IT રિર્ટન ભરવાવાળાની સંખ્યામાં વધારો થઈ 6.48 કરોડ પર પહોંચી છે. (2014 – 3.31 કરોડ)

→ પ્રત્યક્ષ કર વહીવટ માટે હાલમાં જ ફેસલેસ એસેસમેન્ટ અને ફેસલેસ અપીલ શરૂ કરી છે.

→ વ્યાજ અને પેન્શનની આવક પર નભતાં 75 વર્ષથી વધુ વયના સીનીયર સીટીઝનને IT રિટર્ન ભરવામાંથી મુકિત.

❖ **વિવાદ સમાધાન સમિતિની સ્થાપના કરવી (ડિસ્પ્યૂટ રિસોલ્યુશન કમિટિ)**

→ વિવાદ સે વિશ્વાસ યોજના અંતર્ગત પ્રત્યક્ષ કર વિવાદોના સમાધાન માટે આ યોજના શરૂ કરવામાં આવશે.

→ નાના કરદાતાઓના કેસ ને ઓછા કરવાના ઉદ્દેશથી આ સમિતિનું ગઠન કરવામાં આવશે. જે દક્ષતા, જવાબદાર અને પારદર્શિતા સુનિશ્ચિત કરવા ફેસલેસ હશે.

→ નાના કરદાતા જેમનો વિવાદ 10 લાખથી ઓછો હોય તેના વિવાદ માટે તેમજ 50 લાખ ` સુધીની કરપાત્ર આવક વાળો વ્યકિત સમિતિની સહાયતા લઈ શકે છે.

→ ટેકસ કેસ રિઓપન કરવાની મર્યાદા 6 વર્ષથી ઘટાડીને 3 વર્ષ કરાઈ.

❖ **Income Tax Appellate Tribunal ને Faceless બનાવાશે. જેનું નામ National Faceless Income Tax Appellate Tribunal Center હશે.**

→ આ ટ્રીબ્યુનલ અને અપીલ કરનાર વચ્ચેનો તમામ સંચાર ઈલેકટ્રોનિક માધ્યમથી થશે. જ્યારે વ્યકિતગત સુનવાણીની જરૂર પડશે ત્યારે જ વીડીયો કોન્ફરન્સના માધ્યમનો ઉપયોગ થશે.

→ ઈન્કમ ટેક્ષ અપીલેટ ટ્રિબ્યુનલની સ્થાપના 1941ના વર્ષમાં થઈ હતી. તે ભારતમાં ટ્રિબ્યુનલની દિશામાં પહેલો પ્રયત્ન હતો.

→ કંપનીનું ટર્નઓવર રૂ. 1 કરોડ થી વધુ હોય તો પોતાના ખાતાનુ ઓડિટ કરાવાનું હોય છે. ફેબ્રુઆરી 2020 ના બજેટમાં આ સીમા રૂ. 5 કરોડ કરી. જેમાં ડિજિટલ લેણ–દેણ 95% કરે છે. ડિજિટલ લેણ–દેણને વધારો આપવા સહાય કરશે.

❖ **ઈન્ટરનેશનલ ફાઈનાન્શિયલ સર્વિસ સેન્ટર (IFSC) માં કરને પ્રોત્સાહન : GIFT City**

→ ગિફ્ટ સીટીમાં સ્થપાયેલી એરક્રાફટ લીઝિંગ કંપનીને કેપિટલ ગેઈન ટેકસની છૂટ અપાઈ છે. ગિફ્ટ સિટી ખાતે વર્લ્ડ કલાસ ફિનટેક હબ ડેવલપ કરવાનો સમાવેશ થાય છે.

→ ગિફ્ટ સિટીમાં વિદેશી કંપનીઓને ચૂકવવામાં આવતા એરક્રાફટ લીઝ રેન્ટલ ઉપર ટેકસ માફી અપાઈ છે.

→ FPI રૂટથી ગિફ્ટ સિટીના બેન્કિંગ યુનિટમાં રોકાણ કરવા માટે કેપિટલ ગેઈન ટેકસની છૂટ અપાઈ છે.

→ ગિફ્ટ સિટીમાં ઓલ્ટરનેટ ઈન્વેસ્ટમેન્ટ ફંડને IFSCમાં રોકાણ માટે વેરા પ્રોત્સાહન આપવામાં આવશે.

❖ **સ્ટાર્ટ અપ્સ ને પ્રોત્સાહન : (વોકલ પર લોકલ પર ભાર)**

→ હવે એક વ્યકિત કંપની (OPC) બનાવીને પોતાનો ધંધો–રોજગાર શરૂ કરી ઉદ્યોગ સાહસિક બની શકશે. એટલે કે હવે એક જ વ્યકિત કંપની શરૂ કરી શકશે.

→ નવી કંપની શરૂ કરનાર ઉદ્યોગ સાહસિકને 31 માર્ચ, 2022 સુધીનો એટલે કે 1 વર્ષનો વધારો કરવામાં આવ્યો છે. તેમજ 31 માર્ચ 2022 સુધી સ્ટાર્ટઅપ્સ માટે ટેકસની મુદ્દત વધારવામાં આવી છે.

→ સ્ટાર્ટ અપ અંતર્ગત ઉદ્યોગ સાહસિકને કોઈપણ સમયે અન્ય કોઈપણ પ્રકારની કંપનીમાં રૂપાંતરની મંજૂરી આપવામાં આવી છે.

→ NRIની ભારતીય નાગરિકની રહેવાની મર્યાદા 182 દિવસથી ઘટાડી 120 દિવસ સુધીની કરવામાં આવી છે.

→ સ્ટાર્ટ અપને કેપિટલ ગેઈન ટેકસમાંથી મુકિત આપી છે.

❖ **અફોર્ડેબલ હાઉસીંગ**

→ એફોર્ડબલ હાઉસીંગ યોજનાને લંબાવી તા. 31 મી માર્ચ 2022 કરી દીધી છે. વધુમાં 1.5 લાખ સુધીના હોમલોનના વ્યાજને કરમુકિતનો લાભ આપ્યો છે. જેમાં રેન્ટલ હાઉસીંગનો પણ સમાવેશ થાય છે.

❖ **અપ્રત્યક્ષ કર (Indirect Tax)**

→ **GST**
GST સરળ બનાવવા અનેક ઉપાયો કર્યા છે. જેમ કે, SMS દ્વારા NIL રીટર્ન ભરવાની સુવિધા, નાના કરદાતાઓ માટે ત્રિમાસિક ધોરણે રીટર્ન ભરવાની અને માસિક ધોરણે ચૂકવણી કરવાની સુવિધા તેમજ ઈલેકટ્રોનિક ઈનવોઈસ સિસ્ટમ, ઈનપુટ ટેકસનું માન્ય વિવરણ જેવી સુવિધા ઊભી કરવામાં આવી છે.

→ શીમા શુલ્ક (Custom duty) ને યુકિત સંગત બનાવાયું છે.

→ **ઈલેકિટ્રોનિક અને મોબાઈલ ફોન ઉદ્યોગ**

→ મોબાઈલ ફોન પર કસ્ટમ ડયૂટીમાં વધારો કર્યો છે.

→ ચાર્જસના પાર્ટસ અને મોબાઈલના પેટા ભાગો પર કેટલીક છૂટછાટો પાછી ખેંચવામાં આવી છે. મોબાઈલના કેટલાક પાર્ટસ પરનો વેરો શૂન્યથી વધારીને 2.5% કરવામાં આવ્યો છે.

❖ **લોખંડ અને સ્ટીલ**

→ બિન મિશ્ર ધાતુ, સ્ટેઈનલેસ સ્ટીલ, અર્ધ, એકસમાન તથા મોટા મોટા ઉત્પાદનો પર સીમા શુલ્ક એકસમાન રૂપથી 7.5 કરીને શીમા શુલ્કમાં ઘટાડો કર્યો છે.

→ સ્ટીલ સ્ક્રેપ પર શુલ્ક 31 માર્ચ, 2022 સુધીના સમયગાળા માટે છૂટ આપવામાં આવી છે.

→ તાંબાના સ્ક્રેપ પર શુલ્ક 5% થી ઘટાડી 2.5% કર્યુ છે.

❖ **રસાયણ**

→ નેપ્થામાં સીમાશુલ્ક ઘટાડી 2.5% કર્યુ છે.

❖ **સોનું – ચાંદી**

→ વર્તમાનમાં સોના અને ચાંદીમાં 12.5% સીમા શુલ્ક લગાવવામાં આવે છે. જે ઘટાડી 7.5% કરવામાં આવી જેથી સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન મળશે.

→ સિન્થેટીક ડાયમંડ પરની ઈમ્પોર્ટ ડયૂટીમાં વધારો.

→ કર અને પોલિશ ડાયમંડ પર ડયૂટીમાં ઘટાડો કરી 2.5% કર્યો.

❖ **પુનઃપ્રાપ્ય ઊર્જા**

→ સોલાર ઈનવર્ટર પર શુલ્ક 5% થી વધારી 20% તેમજ સોલર લાલટેન પર 5% થી વધારી 15% કર્યું છે.

❖ **MSME**

→ સ્ટીલ સ્ક્રૂ અને પ્લાસ્ટિક બિલ્ડર વેયર પર શુલ્ક 10% થી વધારી 15% કર્યો છે.

→ ચોક્કસ પ્રકારના ચામડાની આયાત પર કરમુકિત પાછી ખેંચી લેવામાં આવી છે. સ્થાનિક સ્તરે કૃત્રિમ રત્નો પર પ્રોસેસિંગને પ્રોત્સાહન આપવા તૈયાર કૃત્રિમ રત્નો પર કસ્ટમ ડયૂટી વધારવામાં આવી છે.

❖ **એગ્રિકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ સેસ**

→ આલ્કોહોલિક બ્રેવરેજીસ પર 100% એગ્રી સેસ લાગુ કરવામાં આવ્યો છે જેમાં પેટ્રોલ પર રૂ. 2.5 પ્રતિ લિટર કૃષિસેસ અને ડિઝલ પર રૂ. 4 પ્રતિ લિટર કૃષિસેસ લગાવવામાં આવ્યો.

❖ **બેડ બેન્કની સ્થાપનાને મંજૂરી**

→ ARC, AMC, AIF (અલ્ટરનેટિવ ઈન્વેસ્ટમેન્ટ ફંડ) મોડલ હેઠળ બેડ બેન્કની સ્થાપના કરવાની જાહેરાત કરી છે. તેમાં ARC બેન્કો પાસેથી વાટાઘાટો કરીને બેંક લોન હસ્તગત કરશે જે બેન્ક વેલ્યુથી ડિસ્કાઉન્ટ પર હશે, બેડ લોન્સની ખરીદી કરવા માટેનું ભંડોળ સ્પોન્સર્સ (સરકાર/બેન્ક) પાસેથી અથવા AIF પાસેથી લેવાશે, AMC આ બેડ લોનને રિસ્ટ્રકચર કરશે જેના માટે તેની ફી વસુલાશે.

❖ **અન્ય જાહેરાત**

→ ગોલ્ડ એકસચેન્જ ને SEBIના નિયંત્રણમાં રાખવામાં આવ્યું.

→ જો RBI કોઈ બેન્કની કેટલીક કામગીરીને સસ્પેન્ડ કરીને તેને વોચ હેઠળ મૂકે તો પણ તે બેન્કના થાપણદારો તેમની થાપણો તત્કાળ મેળવી શકશે.

→ વર્ષ 2021-22 માટે મૂડી ખર્ચ 34.5% વધારીને 5.54 લાખ કરોડ કરાશે.

→ સરકાર રાજ્ય અને સ્વાયત્તી સંસ્થાઓને મૂડી ખર્ચ માટે રૂ. 2 લાખ કરોડ અપાશે.

→ વર્ષ 2021-22 માં રાજકોષીય ખાધ GDPના 6.8% રહેવાનો અંદાજ છે. વર્ષ 2025-26 સુધી રાજકોષીય ખાધ ઘટાડીને GDPના 4.5% કરવાનો પ્રયાસ થશે

**કયા મંત્રાલય – ક્ષેત્રને કેટલી ફાળવણી (રૂપિયા કરોડમાં) :**

| | | | |
|---|---|---|---|
| સંરક્ષણ મંત્રાલય | 4,78,195.62 | સંદેશા વ્યવહાર | 75,265.22 |
| ગ્રાહક–ખાદ્યાન્ન જાહેર વિતરણ | 2,56,948.40 | જળશકિત | 69,053.02 |
| કૃષિ–ખેડૂત વિકાસ | 1,31,521.19 | મહિલા અને બાળ વિકાસ | 24,435.00 |
| ગૃહ મંત્રાલય | 1,66,546.74 | અણુ ઊર્જા | 18,264.89 |
| ગ્રામીણ વિકાસ | 1,33,689.50 | વિજ્ઞાન–ટેકનોલોજી | 14,794.03 |
| પરિવહન–હાઈવે | 1,18,101.00 | અંતરિક્ષ વિભાગ | 13,949.09 |
| રેલવે મંત્રાલય | 1,10,054.64 | કાપડ મંત્રાલય | 3,631.64 |
| નાણાં મંત્રાલય | 13,86,273.30 | આયુર્વેદ–યોગ (આયુષ) | 2,970.30 |
| શિક્ષણ | 93,224.31 | શિપિંગ–બંદર | 1,702.35 |
| આરોગ્ય અને પરિવાર કલ્યાણ | 73,931.77 | પંચાયતી રાજ | 913.43 |

❖ **અન્ય તથ્યો :**

→ બજેટ શબ્દ ફ્રેન્ચ શબ્દ 'બુગે' પરથી ઉતરી આવ્યો છે જેનો અર્થ ચામડાની બેગ થાય છે.

→ બજેટમાં આગામી નાણાકીય વર્ષ (1 એપ્રિલ થી 31 માર્ચ)ના આવક–જાવકના અંદાજો હોય છે.

→ આ બજેટ કેન્દ્ર સરકારના નાણાં મંત્રાલયના આર્થિક બાબતોના વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવે છે. જે દર વર્ષે કેન્દ્રીય નાણાંમંત્રી ફેબ્રુઆરીની 1 તારીખે સંસદમાં રજૂ કરે છે.

→ ભારતીય બંધારણમાં અનુચ્છેદ–112 માં 'વાર્ષિક નાણાંકીય નિવેદન'નો ઉલ્લેખ છે.

→ વર્ષ 1947માં સ્વતંત્ર ભારતનું સૌપ્રથમ બજેટ આર.કે.ષણમુખમ્ શેટ્ટી દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું.